તા.૦૬-૦૩-૨૦૨૩

પ્રતિ,
તંત્રી શ્રી,
દૈનિક........

# "ઇન્ટરનેશનલ વુમન્સ ડે" નિમિત્તે તા.૦૮/૦૩/૨૦૨૩ના રોજ સિટી બસ અને બી.આર.ટી.એસ. બસમાં મહિલાઓ માટે "નિ:શુલ્ક બસ સેવા" :

## *મેયરશ્રી ડૉ. પ્રદિપ ડવ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, મ્યુનિ. કમિશનરશ્રી અમિત અરોરાની સંયુક્ત જાહેરાત*

રાજકોટ મહાનગરપાલિકાની કંપની , રાજકોટ રાજપથ લી. ( SPV) દ્વારા સિટી બસ સેવા તથા બી.આર.ટી.એસ. બસ સેવા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. તા.૦૮/૦૩/૨૦૨૩ બુધવારના રોજ "ઇન્ટરનેશનલ વુમન્સ ડે (આંતરરાષ્ટ્રિય મહિલા દિવસ)" નિમિત્તે આ બંને બસ સેવાનો વધુ ને વધુ મહિલાઓ લાભ લે તેવા હેતુથી મહિલાઓ માટે "નિ:શુલ્ક બસ સેવા" પુરી પાડવામાં આવશે તેમ મેયરશ્રી ડૉ. પ્રદિપ ડવ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ અને મ્યુનિ. કમિશનરશ્રી અમિત અરોરાએ સંયુક્ત યાદીમાં જણાવ્યું હતું.

તેમણે વધુમાં માહિતી આપતા કહ્યું હતું કે , "ઇન્ટરનેશનલ વુમન્સ ડે" તા.૦૮/૦૩/૨૦૨૩ બુધવારના રોજ હોઇ એ દિવસ દરમ્યાન કોઇપણ રૂટ પર ગમે તેટલી વખત મહિલા મુસાફરો નિ:શુલ્ક મુસાફરી કરી શકશે. જ્યારે ભાઇઓ/પુરૂષ મુસાફરો એ તેઓની મુસાફરી રાબેતા મુજબ જ નિયત દરની ટીકીટ લેવાની રહેશે. બહોળી સંખ્યામાં મહિલા મુસાફરો દ્વારા રાજકોટ મહાનગરપાલિકાની આ નિ:શુલ્ક પરિવહન સેવાનો લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.

અત્રે એ ઉલ્લેખનીય બનશે કે , રક્ષાબંધન તેમજ ભાઈબીજના પ્રસંગે પણ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મહિલાઓને સિટી બસ તથા બી.આર.ટી.એસ. બસમાં ફ્રી બસ સેવા પુરી પાડવામાં આવે છે.

(પી.એ.ટુ મેયર)